૫૮ C

૬૮ શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા



16000 77

# એમ કેમ?

સંપાદન: ગિજુભાઈ ◆ તારાબેન

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# એમ કેમ?

: લેખક :

ગિજુભાઈ

૧૨૮

: પ્રકાશક :

**આર. આર. શેઠની કંપની**

મુંબઈ-૨ ० અમદાવાદ-૧

**પ્રકાશક**
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
ગાંધી રોડ, અમદાવાદ-૧

© પ્રકાશકનાં

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા
પુસ્તક ૬૮ મું.

મુદ્રણ આઠમું : જુલાઈ ૧૯૬૫

મૂલ્ય પચાસ પૈસા

[૮૦ પુસ્તકોનાં સેટના રૂ. ૪૦-૦૦]

**મુદ્રક**
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# એમ કેમ?

## એમ કેમ ઊડે છે?

બાપદીકરો બાગમાં ફરતા હતા.

રમેશે ચંદ્રશંકરને પૂછ્યું: "બાપુ! આ ફુવારો કેમ ઊડતો હશે? નીચેથી કોઈ ધક્કો મારતું હશે? નીચે કોઈ બેઠું હશે?"

બાપુ કહે: "હા; કોઈ ધક્કો તો મારે છે, પણ નીચે કોઈ બેઠું નથી."

રમેશ કહે: "ત્યારે કોણ ધક્કા મારતું હશે?"

બાપુ કહે: "કાલે તને સમજાવીશ."

બીજે દિવસે બાપુએ એક ડબલું, એક રબ્બરની નળી ને એક લોઢાની કાણાં કાણાં-વાળી નાની એવી ભૂંગળી આણી.

રમેશ અને તેની બહેન બાપાની સામે જોઈને બેઠાં: ફુવારો કેમ ઊડતો હશે તે જોવા માટે. બાપાએ ટેબલ આણ્યું. ડબલાને તળિયે કાણું પાડી એમાં નળી બેસાડી અને નળીને બીજે છેડે કાણાંવાળી ભૂંગળી ખોસી પછી ડબલાને ઊંચે ટેબલ પર મૂક્યું.

છોકરાં જોઈ રહ્યાં કે હવે ફુવારો કેમ ઊડે છે.

રમેશ કહે: "બાપુ! આ કાણાંમાંથી પાણી ઊડશે ના?"

બાપુ કહે: "હા; થોભ જરા. હમણાં તું જોઈશ."

બાપુએ ડબલામાં પાણી રેડ્યું. પાણી નળીમાં થઈ ભૂંગળીનાં કાણાંમાંથી ઊડવા લાગ્યું. ફરફર ફુવારો ઊડી રહ્યો!

રમેશ કહે: "પણ આમાં ધક્કો તો કોઈ મારતું નથી?"

બાપુ કહે: "બીજું કોણ ધક્કો મારે? આ ડબલામાં પાણી છે એનો ધક્કો લાગે છે. જો, નળી કાઢી નાખી કાણા નીચે તારો હાથ રાખ જોઈએ; હાથને ધક્કો લાગે છે?"

રમેશ કહે: "એ તો ઠીક. પણ બાપુ! આમાં તો આટલે જ ઊંચું ઊડે છે, ને પેલો ફુવારો તો ખૂબ ઊંચે ઊડતો હતો. એનું કેમ?"

બાપુએ એક બીજી મોટી નળી કાઢી: તેને મોઢિયું લગાડયું. ગ્યાસલેટના ડબ્બામાં કાણું પાડી નળી જોડીને ગ્યાસલેટનો ડબ્બો પાણી ભરી ઊંચે એક ઘોડી પર મૂક્યો, પછી ફુવારો છોડ્યો.

"અહાહા! આ ફુવારો તો બહુ ઊંચે ઊડ્યો!"

બાપુ કહે: "કહો જોઈએ, ત્યારે આમ કેમ બન્યું?"

રમેશ કહે: "કહું બાપુ? પાણીનું ડબલું ઊંચું રાખીએ તો ઊંચું ઊડે ને નીચું રાખીએ તો નીચું ઊડે."

બાપુ કહે: "ને ભોંય ઉપર રાખીએ તો?"

રમેશ કહે : "તો પાછી ઊડે જ શાનું ? ધક્કો તો ઊંચેથી જ લાગે ને ? પણ બાપુ ! બાગનો ફુવારો તો ભોંયમાંથી આવતો હતો. એનું કેમ હશે ?"

બાપુ કહે : "તું જ કહે ને, કેમ થતું હશે ?"

રમેશ કહે : "ક્યાંઇકથી પાણીનો ધક્કો તો લાગતો હશે. પણ ભોંયમાંથી શી રીતે આવે ?"

બાપુએ સૌને ફળિયામાં લીધાં ને કહ્યું : "જુઓ, અહીં જરા બે ત્રણ હાથ થોડું થોડું ખોદી નાખો."

બધાંએ ખોદીને એક નીક જેવું કર્યું. બાપુએ રબ્બરની અડધી નળી ભોંયમાં દટાવી; ભૂંગળીનો એક છેડો ભોંય આગળ રખાવ્યો ને અડધી નળી ઊંચી કરી પાણીના ડબલા સાથે જોડી. પછી ડબલામાં પાણી નાખ્યું.

"અરે, અરે ! આ તો ભોંયમાંથી ફુવારો ઊડ્યો !"

રમેશ કહે : "હં અં........! બાગમાં ક્યાંઇક ઊંચે ઊંચે પાણીની ટાંકી રાખી હશે

ને ત્યાંથી નળ ભોંયમાં આણ્યો હશે."

બાપુ કહે: "હવે સમજ્યો. કાલે હું તને એ ટાંકી જ જોવા લઈ જઈશ."

રમેશ કહે: "બાપુ! પેલા પાનની દુકાન-વાળાઓ પણ આમ જ ફુવારો ઉડાડતા હશે, ખરું? ક્યાંઈક ઊંચે નાની એવી ટાંકી ગોઠ-વતા હશે, નહિ?"

બાપુ કહે: "દેવમંદિરમાં ફુવારો ઊડે છે તે પણ આમ જ. અને તે દિવસે શામજી શેઠના ચોકમાં ઊડતો હતો તે પણ આમ જ."

રમેશ કહે: "ત્યારે હવે સમજાયું કે ફુવારો કેમ ઊડે."

## પછી કમળાબેન શું કરે?

"પછી કમળાબેન શું કરે?"

પછી કમળાબેન આકડા ઉપરથી ઇયળો એકઠી કરે: લીલી ઇયળો. આંકડાનાં પાનમાં ખબર ન પડે કે ઇયળો ક્યાં બેઠી છે. બેઉનો રંગ સરખો. પણ કમળાબેનની આંખ ભારે! એ તો તરત જ દેખે ને ઉપાડે."

"પણ પછી કમળાબેન શું કરે?"

"પછી કમળાબેન બધી ઇયળો રૂમાલમાં એકઠી કરી ઘેર લાવે."

"પછી? ઇયળોને તે શું કરવી હશે?"

"કમળાબેન એને કાંઈ મારે? ને ઇયળોનું બીજું થાયે શું? એને કોઈ પાળતું તો નથી; એ કાંઈ સસલું છે તે પળાય?"

"ત્યારે કમળાબેન શું કરે?

"પછી કમળાબેન ઇયળોને એક શીશીમાં નાખે ને શીશીને કાણાં કાણાંવાળો બૂચ મારે."

"આ તો ઇયળોનું કાંઇક કરવું લાગે છે! પણ શીશીમાં નાખવાથી શું થતું હશે? ત્યાં પડી પડી મરી ન જાય? હેં, પછી કમળાબેન શું કરે?"

"પછી કમળાબેન આકડાનાં પાંદડાં લાવે ને શીશીમાં નાખે."

"હં! ઇયળોને ખાવા માટે, કેમ? પણ પછી શું થાય?"

"ઇયળો પાંદડાં ખાય ને મોટી થાય. ખૂબ મોટી થાય."

"પછી એને બહાર ક્યારે કાઢે?"

"એને કાંઈ બહાર કાઢવાની ન હોય. પછી તો ગમ્મત થાય. આજ એમાં ઇયળ હોય ને કાલ કોણ જાણે ક્યાંય ચાલી જાય! કોઈએ કાઢી યે ન હોય. બૂચ માર્યો હોય તે નાસી યે શી રીતે જાય?"

"ત્યારે ઇયળનું શું થાય?"

"જુઓ; શીશીમાં પેલું સોનેરી સોનેરી ચમકતું દેખાય છે, એમાં ઇયળ છે. ખૂબખૂબ

ખાઈ ને હવે ઇયળ ઊંઘે છે. હવે તો હલશે ય નહિ ને ચલશે ય નહિ; ખાશે ય નહિ ને પીશે ય નહિ. ને આમ ને આમ કેટલા ય દિવસ ઊંઘશે."

"આ તો ભાઈ ભારે વાત!"

"કમળાબેન તો રોજ આવશે ને કોશેટાને જોયા કરશે. ઊંઘતી ઇયળ એનું નામ કોશેટો."

"ત્યારે ઇયળ પછી જાગશે ક્યારે?"

"હવે ઇયળ શું જાગે! એ તો ઊંઘમાં ને ઊંઘમાં બદલાઈ જશે. એનો રંગ બદલાશે; એનો આકાર બદલાશે; એનું મોઢું ય બદલાશે. બધું બદલાશે."

"એમ? કયે દિવસે બદલાશે?"

"થોડા દિવસની વાર લાગશે."

"પણ કહે ને, પછી શું થશે?"

"પછી એક દિવસ કોશેટો ફાટશે. ને એમાંથી શું નીકળશે ખબર છે? ધાર જોઈએ?"

"ભાઈ! મને તો કાંઈ સૂઝતું નથી. ઇયળનું વળી બીજું શું થાય? વખતે પાતળી થઈ હોય કે જાડી થઈ હોય; કે વખતે લીલીની

કાળી થઈ હોય. બીજું શું થાય ? ”

“ ના રે ભાઈ! આ કોશેટો ફાટશે પછી તો એમાંથી નીકળશે બે પગ, મોઢા આગળ મૂછો, વાંસે પૂંછડા જેવું ને પડખે પાંખો! ”

“ પાંખો ? ઇયળમાંથી પાંખો ? હવે જા, જા ! ”

“ તો આવજે જોવા, ના કોણ પાડે છે ? ”

“ પછી શું થશે ? ”

“ પછી એ શીશીમાં ઊડશે : આમ આમ. પેલાં પતંગિયાં જોયાં છે ને ? ”

“ હા. ”

“ તે આ જ પતંગિયાં. ”

“ શું કહે છે! ઇયળમાંથી પતંગિયાં થઈ જશે ? ”

“ સાચે જ થાય છે ને! ”

“ તે કમળાબેન આમ પતંગિયાં શા સારુ બનાવતાં હશે ? ”

“ એ તો કમળાબેન પતંગિયાં કેમ થાય છે તે અમને બતાવે છે. પતંગિયાં ઈંડાં મૂકે; ઈંડામાંથી ઇયળ થાય; ઇયળ પાંદડાં ખાઈને

મોટી થાય ને ઊંઘી જાય; ઊંઘતાં ઊંઘતાં બદલાઈ જાય. જાગે ત્યાં તો પતંગિયું !"

"કમળાબેન ભારે છે હો ! પછી કમળાબેન શું કરે ?"

"પછી શું કરે ? પછી એ પતંગિયાને ઉડાડી દે."

"વાહ, આ તો ભારે વાત !"

# શા માટે તપાવ્યો?

સવિતાએ મોટાભાઈને પૂછ્યું: "મોટાભાઈ! આ પેલા લોકોએ છાણાંનો ઢગલો કેમ સળગાવ્યો છે? ચાલો ત્યાં જઈને જોઈએ કે એ લોકો શું કરે છે."

મોટાભાઈ કહે: "એ તો લુહારલોકો છે. ગાડાના પૈડા ઉપર લોઢાનો પાટો ચડાવે છે."

સવિતા કહે: "ચાલોને ત્યારે ત્યાં જઈએ ને જોઈએ? મેં કદી એમ કરતાં નથી જોયું."

સવિતા અને મોટાભાઈ જ્યાં છાણાં બળતાં હતાં ત્યાં ગયાં.

સવિતા કહે: "આમાં ક્યાં છે લોઢાનો પાટો?"

મોટાભાઈ કહે: "જો આ સળગતાં છાણાં

---

પાટો=પૈડાની વાટ

વચ્ચે લાલ લાલ ગોળ છે તે.”

સવિતા કહે: “પણ એને તપાવે છે શા માટે? એમ ને એમ પૈડા ઉપર ચડાવે તો ન ચાલે?”

મોટાભાઈ કહે: “એમ ને એમ શી રીતે ચડે?”

સવિતા કહે: “પૈડાની ફરતો બંગડી જેમ પહેરાવી દે.”

મોટાભાઈ કહે: “પણ એમ બરાબર બંધ બેસતો ન થાય. ક્યાંઈક ક્યાંઈક જરા જરા વચ્ચે જગ્યા રહે.”

સવિતા કહે: “તો ટીપીને બેસારી દે.”

મોટાભાઈ કહે: “ટીપવા જાય તો વળી પૈડાને જોર લાગે ને વખતે પૈડું ભાંગે!”

સવિતા કહે: “તો એમાં એને પૈડામાં કાણાં પાડી ખીલા મારી મજબૂત જડી દે.”

મોટાભાઈ કહે: “પણ તો તો પૈડું ચાલે ત્યારે વારે વારે ખીલો આવે ત્યાં ઊંચાનીચું થાય, ને ગાડી સરખી ન ચાલે.”

સવિતા કહે: “તો પછી આમ તપા–

વીને ચડાવવાથી શી રીતે ચપોચપ થશે ?"

મોટાભાઈ કહે: "ત્યારે એ જ પૂછ ને ?"

સવિતા કહે : "કહો ને ત્યારે ? કોણ નથી પૂછતું ?"

મોટાભાઈ કહે : "વાત એમ છે; કે આ ગોળ પાટો બરાબર પૈડાના માપનો બનાવ્યો છે. હવે એનો ખૂબ તપાવ્યો છે; ખરું ?"

સવિતા કહે : "હા."

મોટાભાઈ કહે : "હવે જાણે કે એને હમણાં ઉપાડીને પૈડા ઉપર ચડાવશે."

સવિતા કહે : "પણ પૈડા ઉપર ચડાવશે ત્યારે તો પૈડું દાઝી જશે, ને એક વાર ચડાવ્યા પછી પાછો હેઠે પડશે. એ ત્યાં ચોંટી શી રીતે રહેવાનો ?"

એટલામાં તો લુહારોએ પાટો કાઢ્યો : ધગધગતો લાલચોળ. ઉપાડીને પૈડા ફરતો ચડાવી દીધો. સવિતા જોઈ જ રહી હતી કે હવે શું થાય છે. ત્યાં તો લુહારોએ પૈડા ઉપર પાણી રેડવા માંડયું ને છમ છમ થવા લાગ્યું.

સવિતા કહે : "અરે, આ તો એના પર

પાણી રેડ્યું ! પણ પાણી રેડવું શા માટે ? ટાઢું પાડવા માટે ?

મોટાભાઈ કહે : " હા, ટાઢું પાડવા. પણ ટાઢું પાડવા એટલા માટે કે પાટો પૈડાને ચપોચપ ચોંટી જાય. "

એટલામાં તો લુહારોએ પૈડું ઊંચું કરી દોડવી જોયું. પાટો બરાબર ચોંટી ગયો હતો. સવિતાએ પણ નજરોનજર જોયું.

સવિતાએ કહ્યું : " પણ એ ચોંટ્યો શી રીતે ? શા માટે ? "

મોટાભાઈ કહે : " પાણી રેડવાથી. "

સવિતા કહે : " પાણી રેડવાથી શા માટે ?

મોટાભાઈ કહે : " એમ છે, કે તપાવવાથી લોઢું વધે છે અને ટાઢું પાડવાથી તે સંકોચાય છે. આ પાટો તપાવ્યો એટલે તે જરા મોટો થયો અને પૈડા ઉપર ચડી ગયો. તેના પર પાણી રેડ્યું એટલે તે સંકોચાયો ને પૈડાને ચોંટી ગયો. "

સવિતા કહે : " એમ ? પણ આપણે જોવું જોઈએ કે તપાવ્યા પહેલાં પાટો કેવો હતો—

કેટલો પહોળો સાંકડો હતો.”

મોટાભાઈ કહે: “ચાલો પેલી જગાએ. ત્યાં પાટા તપાવવાની શરૂઆત થાય છે. પાટો પૈડા પર કેટલો ચડે છે તે જોઈ લઈએ.”

સવિતા અને મોટાભાઈ ત્યાં ગયાં. લુહારને કહેવાથી તેણે પાટો પૈડા ઉપર મૂકી બતાવ્યો. પાટો ચડતો નહોતો; જરા સાંકડો જ પડતો હતો; સહેલાઈથી ચડે તેમ ન હતું.

સવિતા કહે: “હં; હવે સમજી તપેલા પાટા ઉપર પાણી શા માટે રેડ્યું તે.”

# કેવી રીતે સાફ કર્યું ?

"થૂ થૂ થૂ! આ તો ખારું છે!"

"ત્યારે તેં શું ધાર્યું હતું ?"

"મને એમ કે એ તો ખાંડ છે."

"તે ખાંડ જ હશે. જો જોઈએ; ફરી વાર ચાખ જોઈએ ?"

"ના રે, એ તો મીઠું જ છે. ખારું ખારું ઊસ જેવું !"

ચંપા અને લલિતા વાતો કરતી હતી ત્યાં લખુ આવ્યો અને હસી પડ્યો: "કાં, લલિતાનું મોઢું કેવું ગળ્યું થયું ?"

લખુ કહે: "લખુ! આ શીશીમાં તેં જ ભર્યું હતું ને ?"

લખુ કહે: "મેં તો ખાંડ ભરી હતી."

લલિતા કહે: "જા જા, એમાં તો મીઠું

હતું !”

લખુ કહે : “ ના, ખાંડ હશે.”

લલિતા કહે : “ ના ભાઈ! ના; ચાખવું હોય તો ચાખી જો.”

લખુએ હસીને કહ્યું : “ કાં, ખાંડ ધારીને કેવું ચાખ્યું ? ”

લલિતા કહે : “ પણ એવું ધોળું મીઠું કોણે આણ્યું ? આપણે તો રોજ કાળું મીઠું ખાઈએ છીએ. કોઈક વાર આવે ત્યારે ભૂલ ખાઈએ જ ના ? ”

લખુ કહે : “ આણ્યું તો કોઈએ નથી.”

લલિતા કહે : “ ત્યારે ? ”

લખુ કહે : “ ત્યારે શું ત્યારે; એવું ધોળું ધોળું બનાવ્યું.”

લલિતા કહે : “ હં ! કોણે ? કેવી રીતે ? ”

લખુ કહે : “ મેં તારે જોવું હોય તો ચાલ ફરી વાર કરીએ.”

ચંપા કહે : “ લખુ ! ચાલ ને ત્યારે કરી બતાવ ને ? મેં પણ નથી જોયું કે કેમ થાય છે.”

લખુ કહે : “ ચાલો ત્યારે.”

લખુ, લલિતા ને ચંપા કોઠારમાં આવ્યાં. લખુએ થોડુંએક મીઠું લીધું ને તપેલીમાં પાણી લઈ તેમાં મીઠું નાખી હલાવ્યું. મીઠું ઓગળીને પાણી ડોળુંકાળું થઈ ગયું.

લલિતા કહે : " હવે કચરો જરા ઠરવા દઈશ એટલે પાણીમાંથી મેલ ચાલ્યો જશે, એમ ના ?

લખુ કહે : " ના, એમ નહિ. બાપાની ઓરડીમાંથી એક શાહીચૂસ કાગળ લાવ જોઈએ ? ચંપા ! તું એક શીશી લાવ."

લખુએ શાહીચૂસ કાગળની એક ગરણી કરી શીશીના મોઢામાં ભરાવી. ગરણી એટલે ભૂંગળાવાળી લોઢાની ગરણી જેવી નહિ; એવા આકારની ગરણી.

પછી ગરણીની અંદર થોડુંએક મીઠાવાળું નીતરેલું પાણી રેડ્યું.

લલિતા કહે : " હેં લખુ ! આ પાણી ઝટ ઝટ તો નથી પડતું ?"

લખુ કહે : " ઝટઝટ પડે તો તો ભેળો કચરો યે જાય ના ? આ તો શાહીચૂસ કાગળ છે. એમાં શાહી ચુસાય છે તેમ પાણી ચુસાશે;

અને પછી ધીમે ધીમે ટીપે ટીપે એ શીશીમાં પડશે. કચરો કચરો કાગળની અંદરની બાજુ રહેશે ને ચોખ્ખું પાણી શીશીમાં જશે. ”

ચંપા કહે : “ પણ આ ટીપું ટીપું જતાં તો કેટલો યે વખત જશે. ”

લખુ કહે : “ એમ ગાળતાં તો વાર લાગે જ ના ? સાવ ચોખ્ખું પાણી લેવું છે તે કાંઈ એમ મળે ? ”

લલિતા કહે : “ ચાલો ત્યારે એટલી વારમાં હું મારાં કપડાં ધોઈ આવું. ”

ચંપા કહે : “ હું જરા શાક સુધારી આવું. ”

લખુ કહે: “ત્યારે હું જોડા સાફ કરી આવું.”

વચ્ચે વચ્ચે લખુ આવતો હતો અને નવું પાણી નાખતો હતો. બપોર થયા ત્યાં તો બધું પાણી ગળાઈ ગયું.

લખુ કહે : “ ચાલો જુઓ, પાણી કેવું ચોખ્ખું છે ? છે જરા યે રજ કે તજ ? ”

લલિતા કહે : “ જરા ચખાડ તો; ખારું છે કે મીઠું થઈ ગયું છે ? ”

ચંપા કહે : “ ગાંડી છે ? મીઠાનું પાણી તે મીઠું થતું હશે ? ”

લલિતા કહે : " હવે મીઠું કેમ કરશો ? "

ચંપા કહે : " મને લાગે છે કે હવે લખુ પાણીને તડકે સૂકવશે. "

લખુ કહે : " તડકે સૂકવીએ તોપણ પાણી સુકાઈ જાય એટલે મીઠું તો નીકળે જ; પણ એમાં વાર લાગે. "

લલિતા કહે : " ત્યારે ? "

ચંપા કહે : " પાણીને બાળી દેવું પડશે. "

લખુએ ચૂલો સળગાવ્યો ને ઉપર મીઠાનું નીતરેલું પાણી મૂક્યું.

પાણી ઊકળવા માંડ્યું ને સુકાવા લાગ્યું.

લલિતા કહે : " એ ચંપા ! જો તો ? પાણી જાડું થયું. "

ચંપા કહે : " હવે તો ધોળું પણ થતું જાય છે ! "

એક દાતણનો ટુકડો લઈ લખુ પાણી હલાવવા લાગ્યો ને નીચેથી તાપ ઓછો કર્યો. ધીરે ધીરે પાણી બળી ગયું ને ધોળું મજાનું મીઠું થઈ રહ્યું !

લલિતા કહે : " ચાલો હવે કોઈને થૂ થૂ થૂ કરાવીએ ."

# પછી ?

" પછી ? "

" પછી વાલ વાવ્યો. જમીન ખોદેલી હતી તેમાં વાલને જરાક ઊંડો દાટ્યો. ઉપર ધૂળ ઢાંકીને પાણી છાંટ્યું "

" પછી ? "

" પછી સાંજ પડી, રાત પડી ને અમે સૌ સૂઈ ગયાં. "

" પછી ? "

" પછી બીજે દિવસ થયો. બીજે દિવસે પણ પાણી છાંટ્યું. "

" પછી ? "

" પછી ત્રીજે દિવસ થયો. ત્રીજે દિવસે પણ પાણી પાયું. "

" પછી ? "

" પછી ચોથે દિવસે જમીન ઉપર કંઈક લીલું લીલું દેખાયું. રતન અને જગુ બાને અને બાપાને બોલાવી લાવ્યાં. " ચાલો, બાપુ ! ચાલો, બા ! વાલના ક્યારામાં કાંઈક લીલું લીલું ઊગ્યું છે. "

" પછી ? "

" પછી બા-બાપુ આવ્યાં ને કહે : ' હું, આજે તો વાલનો કોંટો ફૂટ્યો છે; ફણગો ફૂટ્યો છે. "

" પછી ? "

" પછી વાલનો ફણગો જરા ઊંચો થયો; ને વાલનો દાણો ફાટીને બે દાળ થયો. વચ્ચે ઝીણું પાંદડાં જેવું હતું. "

" પછી ? "

" પછી દાળો પહોળી થઈ ને વચ્ચેથી જરાક વેલો ચાલ્યો. લીલી દોરી જેવું નીકળ્યું ને તેના પર ઝીણાં ઝીણાં પાંદડાં આવ્યાં. "

" પછી ? "

" પછી વેલો વધવા લાગ્યો. પેલી વાલની દાળો તો ખરી પડી હતી. વેલો તો વધ્યો; ઠીક

વધ્યો; ખૂબ વધ્યો.”

“પછી ?”

“પછી તો રોજ વેલાને પાણી પવાય. રોજ વેલાને સૌ જોવા આવે. રોજ વેલાની સૌ સંભાળ લે.”

“પછી ?”

“સાંજ પડી, રાત પડી ને સવાર પડ્યું.”

“પછી ?”

“બપોર થયા, સાંજ પડી ને રાત પડી.”

“પછી ?”

“રાત પડી, મધરાત થઈ ને સવાર થયું.”

“પણ પછી ?”

“પછી એક સવારે જગુ ને રતન ખુશ-ખુશ થતાં બા આગળ આવ્યાં. ‘બા, બા ! આજે વેલાને ફૂલ બેઠાં છે. ‘ચાલ દેખાડીએ.”

“પછી ?”

“એક ફૂલનાં બે ફૂલ થયાં; બેનાં ચાર થયાં. વાલને વેલે ફૂલ ફૂલ થયાં.”

“પછી ?”

“જૂનાં ફૂલો કરમાવા લાગ્યાં ને નવાં ફૂલો

બેસવા લાગ્યાં; નવાં ફૂલો બેસવા લાગ્યાં ને જૂનાં ફૂલો કરમાવા લાગ્યાં."

"પછી?"

"પછી જગુ અને રતન ચારપાંચ દિવસ મોસાળ ગયાં."

"પછી?"

"જગુ ને રતનને બદલે જીવી કામવાળીએ વેલાને પાણી પાયું."

"પછી?"

"ગાડીમાંથી જગુ અને રતન ઊતરીને સીધાં વેલાને જોવા ગયાં. 'ઓહોહો! આ તો વેલાને શિંગો બેસી ગઈ!' જગુ અને રતન કહે: 'અમે મોસાળ ગયાં એટલામાં તો શિંગો આવી ગઈ!"

"પછી?"

"પછી તો જગુ અને રતન ક્યારે શિંગો મોટી થાય ને ક્યારે શિંગો ઉતારીએ એની રાહ જોવા લાગ્યાં."

"પછી?"

"પછી શિંગો વધવા લાગી. નવી શિંગો

પણ બેસતી હતી. ફૂલોની નીચેથી આવતી હતી. ફૂલ સુકાતું હતું ને શિંગ ઉપર બેસતું હતું."

"પછી ?"

"પછી ધીરે ધીરે ફૂલ સુકાઈને નીચે ખરી પડતું હતું."

"પછી ?"

"શિંગો મોટી થઈ. જગુ અને રતને ઉતારી, ને બાએ એનું શાક કર્યું."

"પછી ?"

"પછી શાક ખાધું, ઉપર પાણી પીધું ને મોજ કરી."

# કહો ને બાપુ! એમ કેમ?

શાંતિલાલ બજારમાંથી આવ્યા ને સાથે રમકડાંની પેટી લાવ્યા.

"રમકડાં, રમકડાં, રમકડાં!" એમ કહી ચંદુ ને મંગુએ કૂદાકૂદ કરી મૂકી.

પડીકું ઉઘાડતાં ઉઘાડતાં મંગુ કહે: "અરે, આ તો હંસ છે!"

ચંદુ કહે: "આ પડીકામાં તો માછલી લાગે છે."

ભાનુ કહે: "બાપુ! આ ભૂકો ભૂકો શું છે? એ કાંઈ રમકડું છે?"

વેણી કહે: "આમાં તો આ લોઢાની લાકડી ને એવું એવું છે."

બાપુ કહે: "જુઓ તો ખરાં, આજે તો હું ખેલ કરી બતાવવાનો છું. ચાલો જોઉં,

એક કૂંડીમાં પાણી લાવો.”

ચંદુ કહે : “ આ દારૂખાનું તો ન હોય? દારૂખાનામાં માછલી ને કાચબો ને એવું એવું આવે છે તો ખરું.”

ભાનુ કહે : “ પણ દિવાળી તો કે દહાડાની ગઈ. આજે દારૂખાનું ન હોય, કાં બાપુ? ”

વેણી પાણીની કૂંડી ભરીને લાવી.

બાપુ કહે : “ હવે સૌ ફરતાં ફરતાં બેસી જાઓ.”

બાપુએ માછલી પાણીમાં તરતી મૂકી. માછલી તરવા લાગી. સૌ બાળકો જોઈ રહ્યાં. બાપુએ સળિયાનો એક કકડો ઉપાડ્યો. એને છેડે એક હૂક બાંધ્યો હતો.

માછલી ઉપર જેવો સળિયો ધર્યો ત્યાં તો માછલી કૂદીને હૂકને ચોટી પડી. બાળકોને ખૂબ ખૂબ નવાઈ લાગી.

ભાનુ કહે : “ અરે ! આ શું થયું ? માછલીમાં જીવ આવ્યો ? ”

વેણી કહે : “ અરે ! માછલી હૂકને શી રીતે વળગી પડી ? ”

મંગુ કહે : “ કાંઈક બાપુએ કર્યું લાગે છે. બાપુ ! કહો ને, એમ કેમ બન્યું ? ”

બાપુએ હૂકથી માછલીને છૂટી પાડીને પાણીમાં મૂકી. વળી હૂક ધરી રાખ્યો ને વળી માછલી વળગી પડી. બીજી વાર અને ત્રીજી વાર; પાંચમી વાર ને દસમી વાર. જેટલી વાર કર્યું એટલી વાર એમ જ થયું.

મંગુએ હૂક ધર્યો; માછલી વળગી પડી.

ભાનુએ હૂક ધર્યો; માછલી વળગી પડી.

વેણીએ હૂક ધર્યો; માછલી વળગી પડી.

બહુ બહુ મજા પડવા માંડી. ચંદુ કહે : “ બાપુ ! આ રમકડું તો નવી જાતનું છે. આવું મને બહુ ગમે. ”

બાપુ કહે : “ લાવો જોઈએ પેલો હંસ ? ચાલો, હવે એને તરાવો. ”

હંસ તરવા લાગ્યો. બાપુએ સળિયો લીધો ને હળવેથી હંસની ચાંચ આગળ ધર્યો. હંસ નજીક આવ્યો. બાપુએ સળિયો પાછો લીધો; હંસ પાછળ આવ્યો. વળી સળિયો પાછો લીધો; હંસ પાછળ આવ્યો. બાપુ જેમ સળિયો

લેતા જાય એમ હંસ એની પાછળ ફરતો જાય. હંસ તો સળિયાની પાછળ પાછળ જ ફરે. જાણે હંસ સળિયા પાછળ ગાંડો થઈ ગયો!

ભાનુ કહે : "બાપુ! જોઉં તો, મને કરવા દો ને?"

બાપુ જેમ ભાનુએ સળિયો ધરી રાખ્યો ને હંસ પાછળ આવ્યો.

વેણી અને ચંદુએ પણ એ કરી જોયું.

બધાં કહે : "કહો ને બાપુ! એમ કેમ થાય છે?"

બાપુ કહે : "જુઓ, પેલા હંસના મોંમાં શું છે? પેલી માછલીના મોંમાં શું છે?"

ચંદુ કહે: "હંઅં....! એ તો નાના નાના લોખંડના ટુકડા છે."

"બાપુ કહે : "વારુ ત્યારે, જુઓ આ સળિયાને લોહચુંબક લગાડયું છે. હવે લોહ-ચુંબકની એવી ખૂબી છે કે લોઢાને તે ખેંચે. લોઢું લોહચુંબકની પાછળ દોડે."

વેણી કહે : "હં, હં, હં! એટલે જ હંસ સળિયા પાછળ દોડતો હતો."

ભાનુ કહે : "ત્યારે પેલા હૂકમાં યે લોહચુંબક હશે. પણ બાપુ! આ ભૂકો શાનો છે?"

બાપુ કહે : "એ લોઢાનો ભૂકો છે."

બાપુએ એટલું કહ્યું ત્યાં તો ભાનુ અને વેણીએ લોઢાના સળિયાને એમાં અડાડ્યો કે ફરતી લોઢાની ભૂકી ચોંટી ગઈ.

ભાનુ સળિયો લઈ રસોડામાં બાને બતાવવા દોડ્યો. "બા, બા! આ લોહચુંબકની ખૂબી તો જો?"

બા કહે : "એ ભાનુ! જો મારી શીવણની પેટીમાંથી સોય લઈ ચુંબક સામે મૂક જોઈએ?"

વેણીએ સોય આણીને ચુંબક સામે ધરી. સોય તો જાણે ઊડીને ચોંટી ગઈ!

પછી તો બાપુ કામે ગયા ને છોકરાં માછલીને ઉડાડવા લાગ્યાં, હંસને દોડાવવા લાગ્યાં ને સોયને કુદાવવા લાગ્યાં.

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય.

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૯-૭૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... ,, ... ૨-૦૦
બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... ,, ... ૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... ,, ... ૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) ,, ... ૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) ,, ... ૨૩-૫૦

કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦
રખડુ ટોળી ... ૪-૫૦
ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦
ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... સેટના ... ૨૦-૫૦
રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... ,, ... ૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ ,, ... ૫-૫૦
શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૦૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૦૦
સાહસિકોની સૃષ્ટિ ૪-૫૦
પાતાળ પ્રવેશ ... ૨-૫૦
ખજાનાની શોધમાં ૨-૫૦

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... સેટના ૮-૦૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા ,, ૭-૫૦
કમલ કિતાબ (સચિત્ર ૧૦ પુસ્તકો) ... ,, ૭-૫૦
ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... ,, ૧૩-૫૦
સાહસકથાઓ (૩૧ પુસ્તકો) ... ... ,, ૭૧-૨૫

**આર. આર. શેઠની કંપની** મુંબઈ-૨ અમદાવાદ-૧


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ